

# ડૉક્ટરનું રજીસ્ટ્રેશન સમજવું

## દર્દીઓ અને કાળજીદાતાઓ માટેની માર્ગદર્શિકા

General
Medical
Council

Regulating doctors
Ensuring good medical practice

આપની સારવાર કરનાર ડૉક્ટર (અથવા આપ જેની કાળજી લેતા હો તે વ્યક્તિ) શા માટે જનરલ મેડિકલ કાઉન્સિલ (GMC) સાથે રજીસ્ટર્ડ હોવા જોઈએ અને પ્રેક્ટિસ માટેનું લાયસન્સ ધરાવતા હોવા જોઈએ તે આ પત્રિકા આપને સમજાવે છે.

GMC ડૉક્ટરોનું નિયમન કરે છે – આનો અર્થ એ છે કે અમારું કામ તબીબી ક્ષેત્રની પ્રેક્ટિસમાં યોગ્ય ધારાધોરણો સુનિશ્ચિત કરીને જનતાના સ્વાસ્થ્ય અને સલામતીનું રક્ષણ કરવું, તેને ઉત્તેજન આપવાનું અને તેને જાળવવાનું છે. યુકેમાં કામ કરવા સક્ષમ તમામ ડૉક્ટરો માટે રજીસ્ટર રાખવું એ આ કામ કરવાની અમારી રીતોમાંની એક છે.

GMC સાથે રજીસ્ટર્ડ કોઈપણ ડૉક્ટરે વ્યાવસાયિક પ્રેક્ટિસ માટે અમે નક્કી કરેલાં ધારાધોરણોનું પાલન કરવાનું રહેશે. જો ડૉક્ટર આ ધારાધોરણો પૂર્ણ કરતા ન હોય તો અમે ડૉક્ટરની પ્રેક્ટિસ મર્યાદિત બનાવી શકીએ છીએ, તેમને વધુ તાલીમ લેવાનું કહી શકીએ છીએ અથવા તેમને પ્રેક્ટિસ કરતાં સંપૂર્ણપણે અટકાવી શકીએ છીએ.

આપના ડૉક્ટર પ્રેક્ટિસ કરવાનાં લાયસન્સ સાથેનું રજીસ્ટ્રેશન ધરાવે છે કે કેમ તે આપ ઘણાં પ્રકારે ચકાસી શકો છોઃ

**1.** આપના ડૉક્ટરને પૂછો. આપના ડૉક્ટર પ્રેક્ટિસ કરવાના લાયસન્સ સાથે રજીસ્ટર્ડ છે કે કેમ તે આપને કહેવા માટે આપના ડૉક્ટરને પૂછવાનો આપને અધિકાર છે. ડૉક્ટર પાસે લાયસન્સ ન હોય તો તેમણે આપને કહેવું જરૂરી છે. જો તેમની પાસે લાયસન્સ ન હોય તો તેમણે આપની સારવાર ન કરવી જોઈએ.

**2.** GMCનું ઑનલાઈન રજીસ્ટર શોધો. તે **www.gmc-uk.org/register** ખાતે મળી શકે છે

**3.** **0161 923 6602** પર GMCને ટેલિફોન કરો. આપના ડૉક્ટર પ્રેક્ટિસ કરવાનાં લાયસન્સ સાથેનું રજીસ્ટ્રેશન ધરાવે છે કે કેમ તે અમે આપને કહી શકીએ છીએ.

# શા માટે માત્ર પ્રેક્ટિસ માટેનું લાયસન્સ ધરાવતાં ડૉક્ટરો જ દર્દીઓની સારવાર કરી શકે

દર્દીઓની સારવાર કરનાર કોઈપણ ડૉક્ટર પ્રેક્ટિસ માટેનાં લાયસન્સ સાથે GMC સાથે રજીસ્ટર્ડ હોય તે કાયદા મુજબ જરૂરી છે.

ડૉક્ટરો ઘણાં અલગ અલગ વાતાવરણમાં કામ કરતા હોય છે તેથી પ્રેક્ટિસ માટેના લાયસન્સ સાથે રજીસ્ટર્ડ હોય તેવા ડૉક્ટરો જ નીચેની બાબતો કરી શકે, દાખલા તરીકેઃ

- NHSમાં ડૉક્ટર તરીકે અથવા ખાનગી પ્રેક્ટિસમાં કામ કરવું
- પ્રિસ્ક્રિપ્શન્સ લખી શકે
- મૃત્યુ અને અંતિમક્રિયાનાં પ્રમાણપત્રોમાં સહી કરી શકે.

જેમની પાસે પ્રેક્ટિસ કરવાનું લાયસન્સ ન હોય તેવા ડૉક્ટરો સંભવિતપણે મેડિકલ સ્કૂલમાં લેક્ચરર તરીકે, મેનેજર તરીકે અથવા યુકેની બહાર કામ કરતા હોય તેમ બની શકે છે.

NHS અને અન્ય સ્વાસ્થ્યસંભાળ પ્રદાતા જેવા સંગઠનો એ સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે કે તેઓ જે ડૉક્ટરોને નોકરીએ રાખે છે તેમની પાસે પ્રેક્ટિસ કરવા માટેનું લાયસન્સ હોય, જો તેમના કામ પ્રમાણે તે લાયસન્સ હોવું જરૂરી હોય તો.

# આપ કઈ રીતે મેડિકલ રજીસ્ટરની પહોંચ મેળવી શકો

રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિસનર્સની ઑનલાઈન યાદીનો ઉપયોગ કરીને કોઈપણ વ્યક્તિ ડૉક્ટરનું રજીસ્ટ્રેશન ચકાસી શકે છે. આ હંમેશા અપ ટુ ડેટ રાખવામાં આવે છે અને તે આપને નીચેની માહિતી પૂરી પાડશેઃ

- ડૉક્ટરનો રેફરન્સ નંબર, નામ, ભૂતપૂર્વ નામ (જો હોય તો), અને જાતિ
- ડૉક્ટરને તેમની તબીબી લાયકાત આપવામાં આવી હોય તે વર્ષ અને સ્થળ
- મેડિકલ રજીસ્ટરમાં ડૉક્ટરનો હાલનો દરજ્જો (એટલે કે, તેઓ પ્રેક્ટિસ કરવાના લાયસન્સ સાથે રજીસ્ટર્ડ છે કે કેમ અથવા પ્રેક્ટિસ કરવાના લાયસન્સ વિના રજીસ્ટર્ડ છે કે કેમ)
- GMC દ્વારા ડૉક્ટર વિરુદ્ધ લેવામાં આવેલી કોઈપણ કાર્યવાહીની વિગતો.

ઑનલાઈન મેડિકલ રજીસ્ટર **www.gmc-uk.org/register** ખાતે મળી શકે છે અથવા આપ ડૉક્ટરનું રજીસ્ટ્રેશન ચકાસવા માટે **0161 923 6602** પર અમને કૉલ કરી શકો છો.

# વધુ માહિતી

GMC અને ડૉક્ટરોના નિયમો વિશેની વધુ માહિતી અમારી વેબસાઈટ: **www.gmc-uk.org** પર મળી શકે છે

આ પત્રિકા નીચેની ભાષાઓમાં અમારી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવા માટે પણ ઉપલબ્ધ છે: અરેબિક, બંગાળી, ચાઈનીઝ, ગુજરાતી, હિંદી, પંજાબી, ઉર્દૂ અને વેલ્શ. કૃપા કરીને **www.gmc-uk.org/understandingregistration**ની મુલાકાત લો

જો આપ અલગ ફૉર્મેટ કે ભાષામાં આ પત્રિકાની નકલ મેળવવા ઈચ્છતા હો તો કૃપા કરીને **0161 923 6602** નંબર પર ટેલિફોન કરો અથવા **gmc@gmc-uk.org** પર ઈમેઈલ કરો

### Arabic

وتتوفر هذه النشرة أيضاً بالعربية. يمكنك تنزيلها من موقعنا على الإنترنت
www.gmc-uk.org/understandingregistration

### Bengali

এই প্রচারপত্রটি বাংলাতেও লভ্য। আপনি এটা আমাদের
www.gmc-uk.org/understandingregistration ওয়েবসাইট থেকে ডাউনলোড করতে পারেন।

### Chinese

本传单还可提供中文版。您可从我们的网站 www.gmc-uk.org/understandingregistration 处进行下载

### Gujarati

આ પત્રિકા ગુજરાતીમાં પણ ઉપલબ્ધ છે. આપ તેને અમારી વેબસાઈટ
www.gmc-uk.org/understandingregistration પરથી ડાઉનલોડ કરી શકો છો.

### Hindi

यह पुस्तिका हिन्दी में भी उपलब्ध है। आप इसे हमारी वेबसाइट
www.gmc-uk.org/understandingregistration से डाउनलोड कर सकते हैं।

### Punjabi

ਇਹ ਪੁਸਤਿਕਾ ਪੰਜਾਬੀ ਵਿਚ ਵੀ ਉਪਲੱਬਧ ਹੈ। ਤੁਸੀਂ ਇਸ ਨੂੰ ਸਾਡੀ ਵੈਬਸਾਈਟ
www.gmc-uk.org/understandingregistration ਤੋਂ ਡਾਊਨਲੋਡ ਕਰ ਸਕਦੇ ਹੋ।

### Urdu

یہ کتابچہ اردو میں بھی مہیا ہے۔ آپ اس کو ہماری ویب سائٹ
www.gmc-uk.org/understandingregistration سے ڈاؤن لوڈ کر سکتے ہیں۔

### Welsh

Mae'r daflen hon ar gael yn y Gymraeg. Gallwch ei llwytho i lawr ar ein gwefan yn **www.gmc-uk.org/understandingregistration**

ઈમેઈલ: **gmc@gmc-uk.org**
વેબસાઈટ: **www.gmc-uk.org**

General
Medical
Council

Regulating doctors
Ensuring good medical practice

GMC એ ઇંગ્લૅન્ડ અને વેલ્સ (1089278) તથા સ્કૉટલૅન્ડ (SC037750)માં રજીસ્ટર્ડ થયેલી ચેરિટી છે. નવેમ્બર 2009માં પ્રકાશિત. પ્રકાશન કોડ: GMC/LIFDEAOOS